**કલેઈમ કેસ નં.– ૬/૨૦૨૩ ના કામે આંક–૧૯ હેઠળ હુકમ**

(૧) રેકર્ડ વંચાણે લીધુ. છેલ્લી ચાર મુદતથી કેસ અરજદારના પુરાવાના સ્ટેજે છે. નામદાર શ્રી સુપ્રીમ કોર્ટના વખતો વખતના ડાયરેકશન મુજબ સીવીલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ માં ઠરાવેલ વીગતે સમય મયાદાનુ ચુસ્ત પણે પાલન કરી કાર્યવાહી ચલાવવાની રહે. અરજદાર તરફે કાયમી ખોડનું પ્રમાણપત્ર મેળવવાનુ બાકી છે તેમ જણાવી મુદતની માંગણી કરવામાં આવે છે. ન્યાયના હીતમાં અરજદારને છેલ્લામાં છેલ્લી તક આપી ફેર મુદત તા.૨૬/૪/૨૦૨૪ સુધીનો માગ્યા મુજબનો સમય મંજુર કરવામાં આવે છે. અરજાદારને એવી પણ તાકીદ કરવામાં આવે છે જો ફેર મુદત તારીખે અરજદાર પોતાની વળતર અરજી સબંધેનો પોતાના કબજાનો, પોતે રજુ કરવા ધારે છે તે તમામ પુરાવો રજુ કરવામાં કસુર કરશે તો રેકર્ડ પરની વીગતે રેકર્ડ ઉપર રજુ છે તેનાથી વીશેષ કોઇ પુરાવો નથી તેમ ગણી જસ્ટ કોમ્પનસેશનના પ્રીન્સીપલના આધારે અરજ ગુણદોષ ઉપર નીકાલ કરવામાં આવશે.

હુકમ આજરોજ તા.૧૨/૪/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એસ.ગઢવી)
એમ.એ.સી.ટી.(મુખ્ય)
ગીર સોમનાથ એટ વેરાવળ.
(જી.જે.૦૦૪૪૦)